



# બર્ડ વ્યૂ ઓફ ઈન્ડસ્ટ્રીઝ

# BIRD VIEW OF INDUSTRIES

તંત્રી : જિતેન્દ્રકુમાર બબલભાઈ પટેલ
EDITOR: JITENDRAKUMAR BABALBHAI PATEL

(ગુજરાતી પાક્ષિક વર્તમાનપત્ર)
(Gujarati Fortnightly Newspaper)

VOLUME : 18 ISSUE : 11 DATE: 01- 09 -2026 (વિક્રમ સંવત ૨૦૮૨ શ્રાવણ વદ ચોથ) PAGES : 4 Retail Price Rs: 3/- RNI NO: GUJGUJ/2009/28249

OMKAR-2 COMPLEX, TF-66, THIRD FLOOR, NEAR LORDS PLAZA HOTEL, STATION ROAD, G.I.D.C, ANKLESHWAR-2, DIST: BHARUCH (9998980519)

www.birdviewofindustries.com Email: birdviewofindustries@gmail.com Post Reg. No: G2/RNP/BCH/126/2024-2026


# પ્રદૂષણ બાબતે સરીગામની કંપની સામે જાહેર હિતની અરજી કરનારને હાઈકોર્ટે એક લાખનો દંડ કર્યો

સરીગામની કંપની સામે હવા, પાણી અને અવાજનું પ્રદૂષણ ફેલાવવામાં આવતું હોવા અંગે હાઈકોર્ટમાં કરાયેલી જાહેર હિતની અરજીને ફગાવી દેવામાં આવી છે. અરજદારના આક્ષેપોને જીપીસીબીના તપાસ અહેવાલોના આધારે સમર્થન નહીં મળતાં હાઈકોર્ટે આ અરજીને પ્રેરિત અને વ્યર્થ ગણાવી અરજદારને રૂપિયા ૧ લાખનો દંડ ફટકાર્યો છે. દંડની રકમનો ઉપયોગ વૃક્ષારોપણમાં કરવામાં આવશે.

સરીગામ ખાતે કાર્યરત એન.આર. અગ્રવાલ ઈન્ડસ્ટ્રીઝ દ્વારા પલ્પ-પેપર ઉત્પાદન કરવામાં આવે છે. કંપની દ્વારા હવા, પાણી અને અવાજ પ્રદૂષણ સહિતના આક્ષેપો સાથે સરીગામના રહીશ દ્વારા ગુજરાત હાઈકોર્ટમાં જાહેર હિતની અરજી દાખલ કરવામાં આવી હતી. જેમાં ઈન્ડસ્ટ્રીઝ રહેણાંક વિસ્તારની નજીક હોવાનો, એન્વાયરમેન્ટ ક્લીયરન્સની શરતોનું પાલન ન કરતી હોવાનો, રાત્રિના સમયે અવાજ, ગ્રીનબેલ્ટનો અભાવ અને પ્લાસ્ટિક વેસ્ટનો બોઈલરમાં ઉપયોગ જેવા મુદ્દાઓનો સમાવેશ કરવામાં આવ્યો હતો. ગત એપ્રિલ મહિનામાં થયેલી અરજી પર કોર્ટ દ્વારા જીપીસીબી પાસે વિગતો માંગવામાં આવી હતી. જીપીસીબીએ હાઈકોર્ટમાં રજૂ કરેલી એફિડેવિટમાં સ્પષ્ટ જણાવાયું હતું કે,તા.૩૧ જાન્યુઆરી, ૨૦૨૫થી તા.૧૦ જૂન, ૨૦૨૬ સુધી એકમની અનેક વખત તપાસ કરવામાં આવી હતી. તપાસ દરમિયાન ટ્રીટેડ ઈન્ડસ્ટ્રીયલ વેસ્ટ વોટર.. સીઈટીપીમાં જતું હોવાનું અને લોગબુકના આંકડા સાથે મેળ ખાતા હોવાનું જણાવાયું હતું. ભુગર્ભજળના પરિક્ષણમાં ઉદ્યોગના કારણે પ્રદૂષણ થયું હોવાનું જણાયું નથી. હવા પ્રદૂષણ મામલે એમ્બિઅન્ટ એર ક્વોલિટી નિર્ધારિત માત્રામાં હતી. તો ગ્રીનબેલ્ટ આક્ષેપ સામે જીપીસીબીએ જણાવ્યું હતું કે, ઉદ્યોગ પરિસરમાં આશરે ૧૫ હજાર્ વૃક્ષો વાવવામાં આવ્યા છે.

જીપીસીબીએ એ પણ જણાવ્યું હતું કે ફરિયાદમાં ઉલ્લેખિત એકમ એકલું રહેણાંક વિસ્તારમાં આવેલ નથી. તેની આસપાસના વિસ્તારમાં અનેક ઉદ્યોગો કાર્યરત છે. સરીગામ જીઆઈડીસીમાં ૪૯૧ ઔદ્યોગિક એકમો કાર્યરત હોવાનું જણાવ્યું હતું. આ મામલે હાઈકોર્ટે ટાંક્યું હતું કે, જીપીસીબી દ્વારા ફરિયાદોના આધારે અનેક તપાસ કરવામાં આવી હતી. જેમાં હવા, પાણી અને અવાજ અંગેના પરીક્ષણોમાં મોટાપાયે નિર્ધારિત ધોરણોનું પાલન જોવા મળ્યું છે.

જીપીસીબીના તપાસ અહેવાલોના આધારે ઉદ્યોગ સામેના મુખ્ય આક્ષેપોને કોર્ટ સમક્ષ પૂરતું સમર્થન નહીં મળતાં કોર્ટે અરજદારની અરજીને મોટીવેટેડ અને વ્યર્થ ગણાવી ફગાવી દીધી હતી. આ સાથે અરજદારને ત્રણ અઠવાડિયામાં રૂપિયા ૧ લાખનો દંડ ભરવા તાકિદ કરી હતી. જેનો ઉપયોગ વૃક્ષારોપણ કરવા પાછળ થશે.

# મગણાદની સેફ એન્વાયરોની તમામ પ્રવૃત્તિ બંધ કરવા GPCBનો આદેશ

ભરૂચ જિલ્લાના જંબુસર તાલુકાના મગણાદ ગામની સીમમાં આવેલી મે. સેફ એન્વાયરો પ્રા.લિ.ની સિક્યોર્ડ લેન્ડફિલ સાઈટમાં દૂષિત પાણી અને લિચેટના સંગ્રહ સહિતની ગંભીર ક્ષતિઓ સામે ગુજરાત પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ (GPCB) એ કડક કાર્યવાહી કરી છે અને અગામી સૂચના સુધી કંપનીમાં કોઈ પણ કામગીરી ઉપર પ્રતિબંધ ફટકારીને રૂપિયા ૧૦ લાખની બેંક ગેરંટી જમા કરવા માટે આદેશ આપવામાં આવ્યો છે.GPCBના નિરીક્ષણમાં સ્થળ પર દૂષિત પાણીના ૯ પોન્ડમાં આશરે 70879 KL પાણી તથા ૩ લિચેટ પોન્ડમાં 47102 KL લિચેટ સંગ્રહિત હોવાનું સામે આવ્યું હતું. પ્લાન્ટની આસપાસના રસ્તા અને વરસાદી ગટરમાં પણ દૂષિત પાણી જોવા મળ્યું હતું. કેટલાક પાણીના નમૂનાઓમાં પ્રદૂષણ જણાયું હોવા ઉપરાંત નજીકના ખેડૂતના બોરવેલના પાણીમાં પણ ભૂગર્ભજળની ગુણવત્તા બગડવાના પરિમાણો નોંધાયા હતા. GPCBના હેઝાર્ડસ વેસ્ટ સેલના યુનિટ હેડ એન. એ. શાહ દ્વારા જારી કરાયેલા આદેશમાં એકમને બોર્ડના આગામી આદેશ સુધી જોખમી તથા અન્ય કચરો સ્વીકારવા, લાવવા, પરિવહન કરવા, ટ્રીટમેન્ટ, સંગ્રહ અને નિકાલ કરવાની પ્રવૃત્તિ તાત્કાલિક બંધ કરવા જણાવાયું છે.સાથે જ દૂષિત પાણી અને લિચેટનો તાત્કાલિક નિકાલ, વરસાદી ગટર વ્યવસ્થા મજબૂત કરવા તથા ETP અને RO પ્લાન્ટ સતત કાર્યરત રાખવા સૂચના આપવામાં આવી છે.આ ઉપરાંત એકમને એક વર્ષ માટે રૂપિયા ૧૦ લાખની બેંક ગેરંટી જમા કરાવવાનો આદેશ આપવામાં આવ્યો છે. GPCBએ ચેતવણી આપી છે કે નિર્દેશોનું પાલન નહીં થાય તો વોટરએક્ટની કલમ 41-A હેઠળ કાર્યવાહી કરવામાં આવશે.

# પ્રદુષિત ગેસના મામલે બાકરોલના ગ્રામજનોનો પાનોલીની કંપની વિરુદ્ધમાં હલ્લાબોલ

ભરૂચ જિલ્લાના અંકલેશ્વર તાલુકાના બાકરોલ ગામ નજીક નેશનલ હાઈવે પર પાનોલી જીઆઈડીસીમાં આવેલા પ્લોટ નંબર ૨૩૪ થી ૨૩૫/૧ સ્થિત ચિદાકાશ એન્વાયરો પ્રોજેક્ટ પ્રાઈવેટ લિમિટેડ દ્વારા સતત વાયુ પ્રદૂષણ ફેલાવવામાં આવી રહ્યું હોવાના વિરોધમાં બાકરોલના ગ્રામજનોએ કંપની સામે ભારે હલ્લાબોલ કર્યો હતો. વારંવારના પ્રદૂષણના કારણે આસપાસના ખેડૂતોનો ઊભો પાક અને ઝાડ-પાન સુકાઈ રહ્યા છે, જ્યારે હાઈવે પરથી પસાર થતા વાહનચાલકો, નજીકના હોટલ-પેટ્રોલપંપના કર્મચારીઓ અને ગ્રામજનોના સ્વાસ્થ્ય પર ગંભીર અસર પડી રહી છે. તેવી ફરિયાદ ગ્રામજનોએ કરી હતી.

ફરી એકવાર ભારે વાયુ પ્રદૂષણ ફેલાતાં લોકોને શ્વાસ લેવામાં તકલીફ પડી હતી. આથી રોષે ભરાયેલા બાકરોલ ગામના સરપંચ, ડેપ્યુટી સરપંચ સહિત મોટી સંખ્યામાં ગ્રામજનો કંપની પર ધસી આવ્યા હતા.

આખરે જીપીસીબીને જાણ કરવામાં આવી હતી. જીપીસીબીની ટીમ પણ મોડી પહોંચતા લોકોમાં ભારે આક્રોશ જોવા મળ્યો હતો. જીપીસીબીની ટીમે અંદર અને બહાર તપાસ કરી, સ્થળ પંચનામું કરી સેમ્પલો લીધા હતા રજૂઆત સાંભળી હતી.















## તંત્રીલેખ

# ભૂગર્ભજળ નિયમન માટે રાજ્ય સરકાર નવો કાયદો લાવવા જઈ રહી છે

અંકલેશ્વર રહેણાંક વિસ્તારની વાત કરીએ તો અમે ૨૦૦૪-૦૫ માં રહેવા માટે આવ્યા ત્યારે ભૂગર્ભ જળના સ્તર ૬૦-૧૦૦ ફૂટ જેટલા હતા. ધીરે ધીરે રહેણાંક વિસ્તાર વધતો ગયો. ફલેટોની સંખ્યા વધતી ગઈ. દરેક ફ્લેટ બોરની સગવડથી યુક્ત બન્યા. પરિણામસ્વરૂપ ભૂગર્ભ જળના સ્તર નીચે જવા મંડ્યા. ૧૦૦-૧૫૦-૨૦૦-૨૫૦-૩૦૦-૩૫૦-૪૦૦-૪૫૦-૫૦૦-૫૫૦-૬૦૦-૬૫૦ સુધી પહોંચી ગયા. પરિણામસ્વરૂપ ફ્લેટોના બોર નિષ્ફળ થવા મંડ્યા અને નવા બોર બનાવવા જરૂરી બન્યા. હજુપણ ભૂગર્ભજળ નીચે જવાની ગતિ સતત ચાલુ જ છે. પાણીની શુદ્ધતા પણ સતત બગડતી જઈ રહી છે.

જો કે આ સ્થિતી આપણી એકલાની નથી બધા શહેરી વિસ્તારોની છે. રાજ્ય સરકાર તે બાબતમાં ગંભીર બની છે. આગામી ચોમાસુ સત્રમાં "ગુજરાત ભૂગર્ભ જળ (સંરક્ષણ, જાળવણી, નિયમન અને વ્યવસ્થાપન ) વિધેયક-૨૦૨૬ રજુ કરવાનું મન બનાવી લીધું છે. જેમાં રાજ્યમાં આડેધડ થતા ભૂગર્ભ જળના દોહન ઉપર નિયંત્રણ અને નિયમન કરવા માટે અલગ ઓથોરિટી રચવાનો અધિકારત મેળવશે. જેમાં આડેધડ થતા ભૂગર્ભજળના દોહન સામે કાર્યવાહી કરી શકાશે. જેમાં રૂપિયા ૧૦ લાખ સુધીના દંડ અને કેદની સજા જેવી જોગવાઈઓ રાખવાની વિચારણા છે.

ગુજરાતમાં વર્ષ ૨૦૧૨ સુધી મોટાભાગના તાલુકાઓ ડાર્કજોન હેઠળ હતા. પરંતુ નરમ દાદી અને તાપી નદી વચ્ચેતો પટ્ટો કુદરતી પાણીથી ભરપૂર છે. એવું કહેવાય છે કે છેલ્લા ૧૦૦૦ વર્ષથી અહીં દુકાળ નથી પડ્યો. પરંતુ વધારે પડતા પાણીના દોહનથી શહેરી વિસ્તારો ડાર્કઝોન બન્યા. ડાર્કજોન એ ભૂગર્ભજળનું સૌથી વધુ દોહન કરતા તાલુકા માટે વપરાતો શબ્દ છે. વર્ષ ૨૦૧૨માં કૃષિ વિષયક સિંચાઈ (બોરવેલ) માટે ચોક્કસ શરતોને આધીન વીજજોડાણ આપવામાં આવ્યા, જેને લઈને ડાર્કજોન શબ્દ હટાવી લેવાયો. તેને સ્થાને કુદરતી રિચાર્જ કરતા પાણીનો ઉપાડ વધારે હોય તેવા વિસ્તારોને "ઓવર એક્સપ્લોઇડ" તરીકે ઓળખવામાં આવે છે. ડાર્કઝોન ના નવા સ્વરૂપે નવો કાયદો ઘડવાનું ગુજરાત સરકારમાં વિચારણા હેઠળ છે.

કેન્દ્રમાં સેન્ટ્રલ ગ્રાઉન્ડ વોટર ઓથોરિટી (CGWA ) ની રચના ૧૯૯૭ માં કરવામાં આવી હતી. ભારતના માનનીય સર્વોચ્ચ ન્યાયાલયના નિર્દેશ અનુસાર પર્યાવરણ (સંરક્ષણ) અધિનિયમ, ૧૯૮૬ની કલમ ૩ની પેટા-કલમ (૩) હેઠળ જાન્યુઆરી ૧૯૯૭માં "કેન્દ્રીય ભૂગર્ભ જળ સત્તામંડળ (Central Ground Water Authority – CGWA)"ની રચના કરવામાં આવી હતી. તેને ભૂગર્ભ જળના વિકાસ અને વ્યવસ્થાપનના નિયમન તથા નિયંત્રણની જવાબદારી સોંપવામાં આવી છે.

CGWA દ્વારા કડક નિયમો બનાવીને પ્રશ્ન નિયમન માટેના પ્રયાસો કરાઈ રહ્યા છે. અત્યારે ભૂગર્ભજળ માટે ત્રણ અલગ અલગ સ્તરેથી નિયમન-નિયંત્રણ અને મંજૂરી સંલગ્ન વ્યવસ્થા છે. જે અપૂરતી હોવાની અનુભવાઈ રહ્યું છે.જેથી ભૂગર્ભજળના વપરાશ ઉપર દેખરેખ રાખવા સરકાર " ગુજરાત સ્ટેટ ગ્રાઉન્ડ વોટર રેગ્યુલેશન એન્ડ ડેવલપમેન્ટ ઓથોરિટી રચવાનો કાયદો ઘડી રહી છે.આ ઓથોરિટી ભૂગર્ભજળના સંતુલિત અને ટકાઉ વપરાશની નીતિઓના અમલકર્તા તરીકે જવાબદારી સંભળાશે.

જો કે હજી વિધેયકના મુસદ્દાને આખરી ઓપ અપાયો નથી. પરંતુ પાણીના સ્ત્રોતને સુકાતા અટકાવી શકાય તે માટે પર્યાવરણની રીતે સંવેદનશીલ વિસ્તારોને "ગ્રાઉન્ડ વોટર પ્રોટેક્શન ઝોન " જાહેર કરશે. જ્યાં ભૂગર્ભજળ પ્રદુષિત કરવા બદલ એક લાખ રૂપિયા સુધીનો દંડ અને ગેરકાયદેસર પાણી ઉલેચવા બાદલ રૂપિયા ૧૦ લાખ સુધીનો દંડ અને કેદની સજાની જોગવાઈઓ સૂચવાઇ છે. જો કે તેને આખરી ઓપ નથી અપાયો.

જેવી રીતે બાંધકામ વધતા રેતીની તંગી ઉભી થઇ અને ગેરકાયદેસર રેતીખનન ખુબ મોટા પ્રમાણમાં થવા માંડ્યું તેમ આગામી સમયમાં પાણીની વધતી તંગી પણ પ્રશ્નો ઉભા કરી શકે છે. સરકારનું આ પગલું સમયસરનું સાબિત થઇ શકે છે.

# હિમાલયમાં હજારો ગ્લેશિયર તળાવો બન્યા 'ટાઈમ બોમ્બ'



હિમાલયથી ગ્રીનલેન્ડ સુધી ગ્લેશિયરો પીગળવાથી ખતરો સતત વધી રહ્યો છે. ઈન્ટરગવર્નમેન્ટલ પેનલ ઓન ક્લાઈમેટ ચેન્જ (આઈપીસીસી)ના રિપોર્ટમાં કહેવામાં આવ્યું છે કે ગ્રીનલેન્ડ અને એન્ટાર્કટિકામાં બરફનું પડ પ્રત્યેક વર્ષે ૪૦૦ અબજ ટન ઘટી રહ્યું છે. તેનાથી દરિયામાં પાણીનું સ્તર વધવાની સંભાવના વધી રહી છે જ્યારે ઘણા દેશોના મુખ્ય શહેરો ડૂબવાનું જોખમ પણ વધી ગયું છે. આ શહેર દરિયાના વધતા શહેરથી વધારે પ્રભાવિત થશે જેમાં ભારતના મુંબઈ અને કોલકાતા જેવા શહેરો પણ સામેલ છે.વિશ્વમાં અંદાજીત ૨,૦૦,૦૦૦ જેટલા ગ્લેશિયર છે જેમાંથી ૧૦૦૦ને બાદ કરવામાં આવે તો તે સિવાયના ગ્લેશિયરોનો આકાર ઘણો નાનો છે. ગ્લેશિયરોને ધરતી પર મીઠા પાણીનો ભંડાર ગણવામાં આવે છે. જોકે, ગ્લોબલ વોર્મિંગ અને વાતાવરણમાં ઓઝોનના પડમાં ગાબડા પડવા જેવા અન્ય કેટલાક કારણોથી ગ્લેશિયર ઝડપથી પીગળી રહ્યા છે. આઈપીસીસી એ તો ચેતવણી આપી છે કે આ સદીના અંત સુધીમાં હિમાલયના ગ્લેશિયરો પોતાનો એક તૃત્યાંશ બરફ ગુમાવી દેશે. જો પ્રદૂષણ આ જ ઝડપથી વધતું રહ્યું તો યુરોપના ૮૦ ટકા ગ્લેશિયરો પણ ૨૧૦૦ સુધીમાં પીગળી જશે.ગ્લેશિયરોના ઝડપથી પીગળવાથી સંપૂર્ણ માનવજાતિ પર જોખમ તોળાઈ રહ્યું છે. આજે પણ વિશ્વની મોટા ભાગની વસ્તી પાણી માટે ગ્લેશિયરો પર આધાર રાખે છે. હિમાલયના ગ્લેશિયરોથી મળનારા પાણીથી તો લગભગ બે અબજ લોકોને લાભ થાય છે. ખેતી માટે પાણી પણ આ ગ્લેશિયરોમાંથી જ મળે છે. જો ગ્લેશિયરોથી પાણી આવવાનું બંધ થઈ જશે તો ભારત, પાકિસ્તાન, બાંગ્લાદેશ, ભૂતાન, નેપાળ સૌથી વધારે અસરગ્રસ્ત બનશે. જ્યારે યુરોપમાં પણ પીવાના પાણીની અછત સર્જાશે.૨૦૧૯મા જ આઈસલેન્ડના સૌથી પ્રાચીન ગ્લેશિયરોમાં એક ઓકજોકુલ ગ્લેશિયરનું અસ્તિત્વ જ ખતમ થઈ ગયું હતું. આ તારાજીની તસ્વીર સોશિયલ મીડિયા પર ઘણી જ વાઈરલ થઈ હતી. ત્યારે પણ વૈજ્ઞાનિકોએ જળવાયુ પરિવર્તન અને ગ્રીન હાઉસ ગેસના ઉત્સર્જનને તેના માટે જવાબદાર ગણાવ્યા હતા. જોકે, પર્યાવરણને અસર કરનારા સૌથી મોટા દેશોના કાનમાં વૈજ્ઞાનિકોનો આ અવાજ પહોંચ્યો ન હતો. વૈજ્ઞાનિકોએ તો ત્યાં સુધી કહ્યું હતું કે આપણે પર્યાવરણને એટલું પ્રદૂષિત કરી દીધું છે કે હવે બાબતો આપણા નિયંત્રણની બહાર જતી રહી છે. જો આજે આપણે ગ્રીન હાઉસ ગેસનું ઉત્સર્જન એકદમ બંધ કરી દઈશું તો પણ તેને સામાન્ય થતાં ઓછામાં ઓછા ૨૦૦ વર્ષ લાગી જશે.સંયુક્ત રાષ્ટ્રના વૈશ્વિક પર્યાવરણ રિપોર્ટમાં ચેતવણી આપવામાં આવી છે કે દરિયાની સપાટીમાં વધારો થવાના કારણે ૨૦૫૦ સુધી ભારતના ઘણા શહેરો પર જોખમ વધી શકે છે. જેમાં મુંબઈ અને કોલકાતા જેવા મોટા શહેરો પણ સામેલ છે. આ રિપોર્ટ પ્રમાણે ભારતના અંદાજીત ૪ કરોડ લોકો અસરગ્રસ્ત બની શકે છે. આ ઉપરાંત ગ્રીનલેન્ડ અને એન્ટાર્કટિકામાં ગ્લેશિયર ઝડપથી પીગળી રહ્યા હોવાના કારણે ગ્રેડિએન્ટ ફિંગરપ્રિન્ટ મેપિંગ (જીએફએમ) ટૂલથી ખબર પડે છે કે કર્ણાટકના મેંગલોર પર વધારે અસર થાશે.ગ્લેશિયરો પીગળવાના કારણે દરિયાની સપાટી વધી રહી છે.

ગ્લોબલ એન્વાયરમેન્ટ આઉટલૂકના રિપોર્ટ પ્રમાણે ઈન્ડોનેશિયાની રાજધાની જાકાર્તા, માલદિવ્સ, ચીનમાં ગુઆંગઝો અને શાંઘાઈ, બાંગ્લાદેશમાં ઢાકા, મ્યાનમારમાં રંગૂનને, થાઈલેન્ડમાં બેંગકોકને અને વિયેતનામમાં હો ચી મિન્હ શહેર તથા હાઈફોંગ સૌથી વધારે અસરગ્રસ્ત થશે. ઓસ્ટ્રેલિયાના કેટલાક સંશોધકોએ દાવો કર્યો છે કે ૧૮૭૦થી ૨૦૦૪ દરમિયાનમાં દરિયાની સપાટીમાં ૧૯.૫ સેન્ટિમીટરનો વધારો થયો છે.વૈજ્ઞાનિકોનું કહેવું છે કે જો ગ્લેશિયર્સ આમ જ પીગળતા રહેશે તો સ્થિતિ વધુ ખરાબ થઈ શકે છે. પૃથ્વી પર જીવન મુશ્કેલીમાં આવી શકે છે.

૨૧મી સદીમાં આપણી દુનિયા સતત ગરમ થઈ રહી છે, ગ્લેશિયર્સ પીગળી રહ્યા છે અને હવામાન અનિયમિત રીતે બદલાઈ રહ્યું છે. સમગ્ર વિશ્વના વૈજ્ઞાનિકો બ્લેક કાર્બનની થિયરી પર કામ કરી રહ્યા છે. વૈજ્ઞાનિકો માને છે કે કાળો કાર્બન હવામાન પરિવર્તનનું સૌથી મોટું પરિબળ છે.ગઢવાલ યુનિવર્સિટી અને આઈઆઈટીએમ આના પર સંશોધન કરી રહ્યા છે, જેના હેઠળ હિમાલય ક્ષેત્રમાં બ્લેક કાર્બન એરોસોલ માપન સ્ટેશન સ્થાપિત કરવામાં આવ્યા છે. આ સ્ટેશનો પરથી વૈજ્ઞાનિકોને ઘણા ચોંકાવનારા તથ્યો જાણવા મળ્યા છે. કાર્બન એરોસોલ પર કામ કરી રહેલા ડો. આલોક સાગર ગૌતમ કહે છે કે તેઓ માના નજીક સતોપંથ ગ્લેશિયર પર બ્લેક કાર્બનનો અભ્યાસ કરી રહ્યા છે. અહીં દર વર્ષે બ્લેક કાર્બન એરોસોલનું પ્રમાણ વધી રહ્યું છે, ડૉ. ગૌતમે જણાવ્યું કે, મોટા પ્રમાણમાં બ્લેક કાર્બન મેદાનો અને પર્વતોના નીચેના વિસ્તારોમાંથી ઉડીને ઊંચા હિમાલયના પ્રદેશોમાં પહોંચીને અહીંના ગ્લેશિયર્સમાં જમા થઈ રહ્યો છે.તેમણે કહ્યું કે બ્લેક કાર્બન પ્રતિ મીટર ક્યુબમાં ૨૬૦ માઈક્રો ગ્રામથી લઈને ૩૬૦ માઈક્રો ગ્રામ પ્રતિ મીટર ક્યુબ સુધી મળી આવે છે. આ ચિંતાનો વિષય છે, કારણ કે કાળા કાર્બનની આટલી મોટી માત્રાને કારણે ગ્લેશિયર્સ ઝડપથી પીગળી રહ્યાં છે. મોટા પ્રમાણમાં કાળો કાર્બન મેદાનો અને નીચલા હિમાલયના પ્રદેશોમાંથી ઉડીને ઊંચા હિમાલયના પ્રદેશોમાં પહોંચી રહ્યો છે અને અહીંના ગ્લેશિયર્સ પર જમા થઈ રહ્યો છે.વૈજ્ઞાનિકો માને છે કે કાર્બોનેસીયસ એરોસોલ્સ મુખ્યત્વે બે ઘટકો ધરાવે છે, કાર્બનિક કાર્બન અને બ્લેક કાર્બન. બ્લેક કાર્બન ખૂબ જોખમી છે. તે એક અઠવાડિયા સુધી વાતાવરણમાં ઉડતું રહે છે. તે મેદાનોમાંથી ઉડે છે અને હિમાલયમાં જમા થાય છે. જ્યારે તે ગ્લેશિયરમાં એકઠું થાય છે, ત્યારે તે સૂર્યના કિરણોને ખૂબ જ ઝડપથી શોષી લે છે, જેના કારણે ગ્લેશિયરનું ઉપરનું પડ ગરમ થાય છે અને ગ્લેશિયર પીગળવા લાગે છે.ડો.આલોક સાગર ગૌતમ જણાવે છે કે જો આપણે હિમાલયની તંદુરસ્તી યોગ્ય રાખવી હોય અને પૃથ્વીને બચાવવી હોય તો કાર્બન ઉત્સર્જન ઘટાડવું પડશે. તેમણે કહ્યું કે ચારધામ યાત્રા દરમિયાન સૌથી વધુ કાર્બન ઉત્સર્જન થાય છે, આવી રીતે અહીં માત્ર મ્જી૬ સ્ટાન્ડર્ડના વાહનો ચલાવવા જોઈએ જેથી કરીને કાર્બન ઉત્સર્જન ઘટાડી શકાય. આ સાથે નગરપાલિકાઓ દ્વારા કચરાનો યોગ્ય નિકાલ, હિમાલયના પ્રદેશોમાં કચરાના વ્યવસ્થાપનની જરૂરિયાત અને જંગલમાં લાગેલી આગ પર નિયંત્રણ જ બ્લેક કાર્બનને ઘટાડી શકે છે. તે ગ્લેશિયર અને પૃથ્વી બંને દ્વારા સુરક્ષિત કરી શકાય છે.નેપાળમાં ગ્લેશિયર સંબંધિત તાજેતરની હોનારત બાદ સમગ્ર હિમાલય ક્ષેત્રમાં સ્થિત જોખમી ગ્લેશિયલ તળાવોનો મુદ્દો ફરી ચર્ચામાં આવ્યો છે. હિમાલયની પર્વતમાળાઓમાં ૯૦૦૦થી વધુ હિમનદી જન્ય તળાવો નોંધાયેલા છે, જેમાંથી ભારતમાં સ્થિત સેંકડો તળાવો પર સતત સેટેલાઈટ અને ટેકનિકલ નજર રાખવામાં આવી રહી છે.ગ્લોબલ વોર્મિંગના કારણે ઝડપથી પીગળતા ગ્લેશિયર્સ વચ્ચે સૌથી મોટો સવાલ એ છે કે જો આમાંથી કોઈ વિશાળ તળાવ અચાનક તૂટે તો ભારતમાં કેટલી મોટી હોનારત સર્જાઈ શકે? શું ભારત આવા 'ગ્લેશિયર બોમ્બ' સામે રક્ષણ મેળવવા સક્ષમ છે?

શું છે 'ગ્લેશિયર બોમ્બ' અને ગ્લેશિયલ લેક આઉટબર્સ્ટ ફ્લડ?

ગ્લેશિયર કોઈ ફુગ્ગાની જેમ અચાનક ફૂટતો નથી. વાસ્તવમાં ખતરો ગ્લેશિયલ સરોવર તૂટવાથી આવતા મહાપૂરનો છે. જ્યારે ગ્લેશિયર પીગળે છે ત્યારે બરફ, માટી, પથ્થરો અને કાટમાળનો કુદરતી ઢગલો એકત્ર થઈને ડેમ જેવી રચના બનાવે છે, જેને ભૂસ્તરશાસ્ત્રમાં 'મોરેન' કહે છે. આ મોરેનની પાછળ વિશાળ જળાશય રચાય છે. જ્યારે આ તળાવમાં વિશાળ હિમપ્રપાત, ભૂસ્ખલન કે વાદળ ફાટવાથી પાણીનું અતિશય દબાણ વધે છે, ત્યારે આ કાચો મોરેન તૂટી જાય છે. મોરેન તૂટતાં જ કરોડો લિટર પાણી, બરફ અને કાટમાળ મિનિટોમાં નીચેની ખીણો તરફ ધસી આવે છે, જેને ગ્લેશિયલ લેક આઉટબર્સ્ટ ફ્લડ કહેવામાં આવે છે.હિમાલયમાં કેટલા ગ્લેશિયલ લેક્સ છે? ભારતના ૫૬ તળાવો હાઈ-રિસ્ક ઝોનમાં છે. અભ્યાસ મુજબ હિમાલયમાં આશરે ૮૩૫૭થી ૯૨૮૦ ગ્લેશિયલ લેક્સ છે, જેમાંથી ૧૦૦૦થી વધુ તળાવો માત્ર ૧૯૯૦ પછી અસ્તિત્વમાં આવ્યા છે. કોશી બેસિનમાં ૧૧૨૫, યાર્લુંગ ઝાંગ્બોમાં ૭૭૩, માનસ ક્ષેત્રમાં ૭૧૫ અને ઉપલા સિંધુ બેસિનમાં ૬૧૯ તળાવો આવેલા છે.ભારત સરકાર હાલ ૨૪૮૫ ગ્લેશિયલ લેક્સ અને વોટર બોડીઝ પર નજર રાખી રહી છે, જેમાંથી ૫૬ તળાવો અત્યંત હાઈ-રિસ્ક (અતિ જોખમી) કેટેગરીમાં છે. વર્ષ ૨૦૧૧માં ભારતીય મોનિટરિંગ હેઠળના તળાવોનું ક્ષેત્રફળ ૧૯૧૭ હેક્ટર હતું, જે ૨૦૨૫-૨૬ સુધીમાં વધીને ૨૫૦૮ હેક્ટર થઈ ગયું છે. લદ્દાખ, જમ્મુ-કાશ્મીર, હિમાચલ પ્રદેશ, ઉત્તરાખંડ, સિક્કિમ અને અરુણાચલ પ્રદેશમાં આ તળાવો ઝડપથી મોટા થઈ રહ્યા છે.

ઉત્તરાખંડમાં ૨૧૯ 'હેંગિંગ ગ્લેશિયર્સ'નો વધારાનો ખતરો:

ઉત્તરાખંડમાં માત્ર તળાવો જ નહીં પરંતુ ઊંચા પર્વતીય શિખરો પર લટકતા હેંગિંગ ગ્લેશિયર્સ પણ મોટું જોખમ છે. અલકનંદા ખીણમાં કરાયેલા સર્વે મુજબ ૨૧૯ હેંગિંગ ગ્લેશિયર્સ નોંધાયા છે. તેમાંથી કોઈ હિસ્સો તૂટી પડે તો બદ્રીનાથ-માણા સહિત સમગ્ર નીચેના વિસ્તારમાં ક્ષણભરમાં કાટમાળનો પ્રલય આવી શકે છે.

ભૂતકાળમાં ગ્લેશિયલ લેક આઉટબર્સ્ટ ફ્લડના કારણે ભારતમાં સર્જાયેલી મોટી આપત્તિઓ:

કેદારનાથ (૨૦૧૩): ચોરાબારી ગ્લેશિયલ લેક તૂટતાં મંદાકિની નદીમાં વિનાશક પૂર આવ્યું હતું, જેમાં હજારો લોકોએ જીવ ગુમાવ્યા હતા.

ચમોલી (૨૦૨૧): ઋષિગંગા અને ધૌલીગંગા ખીણમાં ગ્લેશિયર અને ખડકો તૂટી પડતાં હાઈડ્રોપાવર પ્રોજેક્ટ્સ ધ્વસ્ત થયા હતા અને મોટી જાનહાનિ થઈ હતી.

દક્ષિણ લ્હોનક લેક, સિક્કિમ (૨૦૨૩): તીસ્તા નદી બેસિનમાં ગ્લેશિયલ ડેમ તૂટતાં સૈન્ય છાવણીઓ, પુલ અને ડેમને વ્યાપક નુકસાન પહોંચ્યું હતું.

નેપાળની ભોટેકોશી અને સુનકોશી નદીઓ સપ્તકોશી બનીને બિહારમાં પ્રવેશ કરે છે. ૨૦૦૮માં કોશી નદીએ પ્રવાહ બદલતાં બિહારમાં ભયાનક તારાજી સર્જી હતી. હાલ નેપાળની ઘટના બાદ બિહારના વાલ્મિકીનગર ગંડક બેરેજના તમામ ૩૬ દરવાજા ખોલીને સુપૌલ, સહરસા, મધેપુરા અને ખગડિયા જિલ્લાઓમાં એલર્ટ જાહેર કરવામાં આવ્યું છે.

વાત કરીએ ભારતની તૈયારની તો ભારત સેટેલાઇટ ઈમેજિંગ, ડ્રોન સર્વેલન્સ, અર્લી વોર્નિંગ સિસ્ટમ્સ અને સેન્સર્સ દ્વારા રિયલ-ટાઈમ મોનિટરિંગ મજબૂત કરી રહ્યું છે, જેથી પાણી નીચેની ખીણો કે રહેણાંક વિસ્તારોમાં પહોંચે તે પહેલાં લોકોને એલર્ટ કરી શકાય.

# નેશનલ સ્પોર્ટસ ડે ની ઉજવણી અને ખેલ મહાકુંભ-૨૦૨૬ના રજીસ્ટ્રેશનના પ્રારંભ સાથે ભરૂચ જિલ્લામાં રમતગમત ક્ષેત્રે નવી ઊર્જા અને નવી આશાનો થયો સંચાર





ખેલરત્ન મેજર ધ્યાનચંદજીની જન્મજંયતીના ઉજવણીના ભાગરૂપે સ્પોર્ટસ એથોરેટી ઓફ ગુજરાત અને જિલ્લા વહીવટી તંત્ર ભરૂચ દ્વારા નેશનલ સ્પોર્ટસ ડે સેલિબ્રેશનનો કાર્યક્રમ યોજાયો હતો. ૨૯ ઓગષ્ટ ૨૦૨૬ના રોજ ભરૂચ જિલ્લા સ્પોર્ટ્સ કોમ્પ્લેક્સ ખાતે નેશનલ સ્પોર્ટસ ડેની ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી.

રમતગમત પ્રત્યે યુવાનોમાં જાગૃતિ વધે, ખેલાડીઓને પ્રોત્સાહન મળે તેમજ રમતગમત ક્ષેત્રે ભરૂચ જિલ્લો વધુ આગળ વધે તેવા હેતુ સાથે આજે નેશનલ સ્પોર્ટસ ડે ની ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી.

નેશનલ સ્પોર્ટસ ડે નિમિત્તે જિલ્લા રમતગમત વિભાગ દ્વારા વિવિધ રમતગમતની પ્રવૃત્તિઓનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ખાસ કરીને એથ્લેટિક્સ અને બેડમિન્ટનની સ્પર્ધાઓ યોજાઈ હતી. આ સ્પર્ધાઓમાં ભરૂચ જિલ્લાના વિવિધ તાલુકાઓમાંથી મોટી સંખ્યામાં ખેલાડીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો.

એથ્લેટિક્સની વિવિધ સ્પર્ધાઓમાં ભરૂચ જિલ્લાના વિવિધ તાલુકાઓમાંથી આશરે ૧૭૯ જેટલા ખેલાડીઓએ ભાગ લીધો હતો. જ્યારે બેડમિન્ટન સ્પર્ધામાં આશરે ૧૭૩ જેટલા ખેલાડીઓએ પોતાની રમત પ્રતિભાનું પ્રદર્શન કર્યું હતું. ખેલાડીઓમાં સ્પર્ધાત્મક ભાવના સાથે રમત પ્રત્યેનો ઉત્સાહ જોવા મળ્યો હતો.

આ પ્રસંગે ભરૂચ જિલ્લા કલેક્ટર શ્રી નવનાથ ગવ્હાણે તથા ભરૂચના ધારાસભ્ય શ્રી રમેશ મિસ્ત્રી ખાસ ઉપસ્થિત રહ્યા હતા. બંને મહાનુભાવોએ ખેલાડીઓને પ્રોત્સાહિત કરી તેમની સાથે સંવાદ કર્યો હતો અને રમતગમત ક્ષેત્રે આગળ વધવા માટે શુભેચ્છાઓ પાઠવી હતી.

તેમણે ખેલાડીઓને રમતગમતને માત્ર સ્પર્ધા તરીકે નહીં પરંતુ શિસ્ત, સ્વાસ્થ્ય, આત્મવિશ્વાસ અને વ્યક્તિત્વ વિકાસના મહત્વપૂર્ણ માધ્યમ તરીકે અપનાવવા પ્રેરણા આપી હતી.

રાષ્ટ્રીય રમત દિવસની ઉજવણી સાથે જ રાજ્ય સરકારના મહત્વાકાંક્ષી ખેલ મહાકુંભ-૨૦૨૬ માટેનું રજીસ્ટ્રેશન પણ આજથી શરૂ કરવામાં આવ્યું છે. ભરૂચ જિલ્લાના વધુમાં વધુ ખેલાડીઓ ખેલ મહાકુંભમાં જોડાઈ પોતાની રમત પ્રતિભાને રાજ્ય અને રાષ્ટ્રીય સ્તરે પ્રદર્શિત કરે તે માટે જિલ્લા રમતગમત વિભાગ દ્વારા ખાસ અપીલ કરવામાં આવી છે.

આ પ્રસંગે જિલ્લા કલેક્ટર શ્રી નવનાથ ગવ્હાણે તથા ધારાસભ્ય શ્રી રમેશ મિસ્ત્રી અને જિલ્લા રમત વિકાસ અધિકારી શ્રી રાજનસિંહ ગોહિલ દ્વારા ભરૂચ જિલ્લાના ખેલાડીઓને ખેલ મહાકુંભ-૨૦૨૬માં વધુમાં વધુ સંખ્યામાં રજીસ્ટ્રેશન કરાવવા માટે અપીલ કરી હતી.

આ તકે ધારાસભ્ય શ્રી રમેશભાઈ મિસ્ત્રીએ જણઆવ્યું હતું કે આપણા જિલ્લાથી લઈ કોમનવેલ્થ સુધી પહોંચવાનો પ્રયત્ન કરવો જોઈએ. સ્પોર્ટસ રોજગારીની તકો પણ આપે છે. પરિવારથી લઈને દેશને ગૌરવ અપાવવા માટે આ સ્પોર્ટસ ક્ષેત્રે મળતી તમામ તકોનો ઉપયોગ કરવા રમતવીરોને અવસર મળ્યો છે.

આ તકે જિલ્લા કલેક્ટર શ્રી નવનાથ ગવ્હાણેએ ઉપસ્થિત રમતવીરોને માર્ગદર્શન આપતા જણાવ્યું કે ખેલ મહાકુંભ જેવા વિશાળ પ્લેટફોર્મ થકી ખેલાડીઓને પોતાની પ્રતિભા દર્શાવવાની ઉત્તમ તક મળે છે. તેથી ભરૂચ જિલ્લાના તમામ ઉંમરના ખેલાડીઓએ ખેલ મહાકુંભ-૨૦૨૬માં ઉત્સાહપૂર્વક ભાગ લેવો જોઈએ.રમત વીરોને ઉત્સાહ વધારતા જણાવ્યું કે રમત ગમતથી વ્યકિતગત વિકાસ પણ સારો થશે.

નેશનલ સ્પોર્ટસ ડે ની ઉજવણી દરમિયાન ખેલાડીઓ, કોચ, રમતગમત ક્ષેત્ર સાથે જોડાયેલા પ્રતિનિધિઓ તથા રમતપ્રેમીઓમાં પણ ભારે ઉત્સાહ જોવા મળ્યો હતો. સમગ્ર કાર્યક્રમનો મુખ્ય ઉદ્દેશ દરરોજ એક કલાક રમત રમો અને સ્વસ્થ રહો ના સંદેશ સાથે વધુમાં વધુ લોકોને રમતગમત સાથે જોડવાનો રહ્યો હતો.

આ તકે રમત વિકાસ અધિકારી શ્રી રાજનસિંહ ગોહિલે જણઆવ્યું કે જિલ્લા રમતગમત વિભાગ દ્વારા ભવિષ્યમાં પણ ભરૂચ જિલ્લાના ખેલાડીઓને વધુ સારી સુવિધાઓ, તાલીમ અને માર્ગદર્શન મળી રહે તે માટે વિવિધ રમતગમતલક્ષી પ્રવૃત્તિઓનું આયોજન કરવામાં આવશે.

આ તકે, કાર્યક્રમમાં અતિથિ વિશેષ તરીકે ધારાસભ્ય શ્રી રમેશભાઈ મિસ્ત્રી, જિલ્લા કલેક્ટર શ્રી નવનાથ ગવ્હાણે, વોટર વર્કસ કમિટી ચેરમેન હેમેન્દ્રભાઈ પ્રજાપતિ, રમત વિકાસ અધિકારી શ્રી રાજનસિંહ ગોહિલ, મોટી સંખ્યામાં વિવિધ ગામોના રમતવીરો ખાસ ઉપસ્થિત રહ્યાં હતા.

# ભરૂચ તાલુકાના સરનાર ગામના લોકોને સ્થાનિક કંપનીઓમાં નોકરી મળતી નથી

ભરૂચ તાલુકામાં આવેલાં સરનાર તથા આસપાસના ગામના સ્થાનિક લાયકાત ધરાવતાં યુવાનોને વિલાયત જીઆઈડીસીમાં આવેલી કંપનીઓમાં નોકરીની તક મળવી જોઈએ તેવી માંગ સાથે ગ્રામજનોએ કલેક્ટરને આવેદન પત્ર આપ્યું હતું.

ભરૂચ જિલ્લામાં વાગરા તાલુકામાં આવેલાં દહેજ સહિત સાયખા તેમજ વિલાયત જીઆઈડીસીનું દિનપ્રતિદિન વિસ્તૃતીકરણ થઈ રહ્યું છે. જીઆઈડીસીના વિકાસ માટે સ્થાનિક ખેડૂતો તેમની મહામૂલી જમીનો સંપાદનમાં આપે છે. આ જીઆઈડીસીઓમાં ઘણી કંપનીઓ આવેલી છે. જેના કારણે આસપાસના ગામમાં રોજગારી મુદ્દો જ ન હોવો જોઈએ તેના બદલે કંપનીઓમાં સ્થાનિક બેરોજગારોને નોકરી આપવામાં આવતી ન હોવાની બૂમો ઉઠી છે.

દરમિયાનમાં ભરૂચ તાલુકામાં આવેલાં અને સાયખા તથા વિલાયત જીઆઈડીસીથી માત્ર ૧ કી.મી.દુર આવેલા સરનાર ગામના સ્થાનિક રહિશોએ સોમવારે જિલ્લા કલેક્ટર નવનાથ ગાણેને લેખિતમાં આવેદન પત્ર આપ્યું હતું.

જેમાં તેમણે જણાવ્યું હતું કે, સરનાર ગામ સાયખા તેમજ વિલાયત જીઆઈડીસીથી માત્ર એક કિમી દૂર આવેલું છે તેમ છતાં પણ બન્ને જીઆઈડીસીની કંપનીઓમાં ગામના શિક્ષિત બેરોજગાર યુવાનોને સન્માનજનક નોકરી આપવા આવતી નથી.

જોકે, બહારથી આવેલાં લોકોને તુરંત નોકરી પર લઈ લેવામાં આવે છે.

# ભરૂચના શકિતનાથ વિસ્તારમાં અંબિકા યંગસ્ટરના ગણેશજીનું આગમન થતાં ૮૦ હજારથી વધુ લોકોએ બાપાના દર્શન કરવા ઉમટી પડતાં સમગ્ર માર્ગ ચકકાજામ....



ભરૂચ જિલ્લામાં ગણેશજીના આગમન વિવિધ આયોજકો ધ્વારા ઉત્સાહ ઉંમગ અને ડી.જે. લાઈટીંગના ઝગમગાટ વચ્ચે શ્રવણ ચોકડીથી શહેરી વિસ્તારમાં પ્રવેશતાં ભરૂચના જ અંબિકા યંગસ્ટરના ગણેશજીની આગમન યાત્રા શ્રવણ ચોકડીથી પ્રવેશતાં જ સમગ્ર માર્ગ જળહળતો થવા સાથે શકિતનાથ સર્કલ સુધી ગણેશજીના આગમનમાં ભકતોનું માનવ મહેરામણ ઉમટી પડતાં અદભૂત દ્રશ્યો સર્જાતા કેટલાંક દ્રશ્યો ડ્રોનની નજરે પણ કેદ કરાયા છે.

ભરૂચમાં શકિતનાથમાં અંબિકા નગર સ્થિત અંબિકા યંગસ્ટર ધ્વારા ગણેશજીના આગમનની યાત્રા અદભૂત ઉત્સાહ અને ઉમંગ વચ્ચે કરવામાં આવતી હોય ત્યારે હાલમાં પણ ગણપતિ બાપાની આગમન યાત્રા શ્રવણ ચોકડી સ્થિત બાપાની આરતી સાથે ડી.જે.ના તાલે અને તેમાંય ભારતમાં પ્રથમ વખત યુનિક થીમ આધારીત મંત્રમુગ્ધ કરનાર ડ્રોન તથા મુંબઈનું વાઘમંત્ર ઢોલ, તાશા પથક સાથે ધમાકેદાર બાપાની આગમન યાત્રા શ્રવણ ચોકડીથી પ્રસ્થાન થઈ શકિતનાથ સર્કલ સુધી સમગ્ર વિસ્તારમાં લાઈટીંગના ઝગમગાટ વચ્ચે ૮૦ હજારથી વધુ ભકતોની ઉપસ્થિતિમાં ગણપતિ બાપાનું આગમન થતાં શ્રવણ ચોકડીથી શકિતનાથ અને શકિતનાથની આસપાસના સમગ્ર વિસ્તારમાં ભકતોનું માનવ મહેરામણ ઉમટી પડવાના કારણે સતત ટ્રાફિક જામની સમસ્યા વચ્ચે ગણપતિ બાપાનું ઉત્સાહ ઉંમગ સાથે આગમનથી ઘણાં ભકતોએ બાપાની એક ઝલક જોવા અને મોબાઈલમાં કેદ કરવા ઘણાં એપાર્ટમેન્ટો, શોપીંગ સેન્ટરો ઉપર ચઢીને પણ દર્શન કરવા સાથે ભવ્ય આંતશબાજી વચ્ચે ગણેશજીના આગમનની ઝલકો પણ લોકોએ નિહાળતાં મોડી રાત્ર સુધી સમગ્ર માર્ગ ઉપર ચકકાજામના દ્રશ્યો સર્જાયા હતા.

# જન્માષ્ટમી નિમિત્તે બાળકો અને મહિલાઓને કૃષ્ણ, રાધા અને મીરાની અલગ અલગ મુદ્રાઓ પર ભાવનાબેન પટેલ દ્વારા સ્ટેપ શિખવાડવામાં આવ્યા



અંકલેશ્વર ખાતે સુરતના આર્ટિસ્ટ ભાવનાબેન પટેલ દ્વારા જન્મષ્ટમી નિમિત્તે બાળકો અને મહિલાઓને ભગવાન કૃષ્ણની તેમજ રાધા અને મીરાની વિવિધ મુદ્રાઓ ઉપર સ્ટેપ શિખવાડવામાં આવ્યા હતા.

અંકલેશ્વરમાં સૌ પ્રથમ વખત અલ્ટીમેટ ડાન્સ સ્ટુડીયો દ્વારા જન્માષ્ટમી સ્પેશ્યલ સેમી કલાસીકલ ડાન્સ વર્કશોપ યોજાયું હતું

સુરતના ભાવનાબેન પટેલ દ્વારા મુદ્રાઓની સાથે કૃષ્ણ, રાધા અને મીરાના ગીત ઉપર સ્ટેપ શીખવાડવામાં આવ્યા હતા. જેમાં નાના બાઈકોથી માંડીને મોટી ઉમરની બહેનોએ ભાગ લીધો હતો.







ISO 9001:2015 CERTIFIED
Subhashchandra S. Rathour (Director) 98241 48450
ISO:9001:2015 Certified Company SINCE - 1998
REAL SCIENTIFIC INDUSTRIES
SUPPLIERS & REPAIRERS FOR GLASS PLANTS SYSTEMS & EQUIPMENTS
PLOT NO: 4107, NR. CRYSTAL CHOWKADI, G.I.D.C. ANKLESHWAR-393 002, DIST: BHARUCH
OFFICE PH. :02646-222761, MOB: 9824148450-9824423450 - 9904476131
E-mail : sales@realglassware.com & realglassware@gmail.com

Authorised Dealer:
FAIR TRADERS
CHASING EXCELLENCE, DELIVERING VALUE
G-8, Ground Floor, Asian Trade Centre, Asian Paint Chowkdi, GIDC, Ankleshwar- 393 002, Gujarat (India)
fairtraders_ank@yahoo.co.in
Mob: +91 90335 77707
Mob: +91 98241 11510
SPITMAAN® Champion Jointing Pvt. Ltd.
Sealflex™ Jointing Sheet
• Asbestos & Non Asbestos Gasket & Sheet • Spiral Wound Gasket • Teflon Products
• All Type of Packing • Expanded PTFE Products • PVC Gasket

# અંકલેશ્વર એસ્ટેટમાં તાજેતરમાં થયેલ પ્લોટની વહેંચણીમાં જે ઉદ્યોગકારોને પ્લોટ નથી મળ્યા તેમના દ્વારા પ્લોટ ફાળવણી માટે GIDC ના અધિકારીને આવેદનપત્ર આપવામાં આવ્યું

અંકલેશ્વર એસ્ટેટમાં તાજેતરમાં થયેલ પ્લોટની વહેંચણીમાં જે ઉદ્યોગકારોને પ્લોટ નથી મળ્યા તેમનામાં નારાજગી છે. તે નારાજગીને વ્યક્ત કરતુ અને ફેર વિચારણા કરી તેમને સમાવવામાં આવે તે માટેનું આવેદનપત્ર GIDC ના અધિકારીને આપવામાં આવ્યું હતું. અધિકારી દ્વારા હકારાત્મક અને સહકારાત્મક પ્રતિસાદ મળતા ઉદ્યોગકારોની થોડી આશા જીવંત બની હતી.

આ આવેદનપત્રમાં અંકલેશ્વર ઔદ્યોગિક વસાહતના અનેક ઉદ્યોગકારોએ વર્ષો અગાઉ, ખાસ કરીને ૨૦૧૮ તથા તે પહેલાં, રેસીડેન્સીયલ પ્લોટ માટે અરજીઓ કરેલ હોવા છતાં આજે પણ તેઓ પ્લોટથી વંચિત છે. આવા ઉદ્યોગકારોની વર્ષો જૂની અરજીઓનો ન્યાયપૂર્ણ અને માનવતાપૂર્વક પુનઃવિચાર કરવામાં આવે તે માટે વિનંતી કરવામાં આવી છે.

જે અરજીઓ માત્ર જરૂરી દસ્તાવેજની અપૂર્ણતા, ટેકનિકલ ખામી અથવા અન્ય પૂર્તતા ન થવાના કારણે રિજેકટ કરવામાં આવી હોય, તેવા અરજદારોને જરૂરી દસ્તાવેજો રજૂ કરવાની એક તક આપી પુનઃસ્ક્રૂટિની કરવામાં આવે. બધી જૂની અરજીને માત્ર ટેકનિકલ કારણસર કાયમી રીતે રદ ન કરવામાં આવે.

જો GIDC દ્વારા ઉદ્યોગકારની, માલિક અથવા પાર્ટનરને રેસીડેન્સીયલ પ્લોટ ફાળવવામાં આવતો હોય. જેથી માત્ર કંપનીના કામદારો અથવા કર્મચારીઓ કાર્યરત છે તે બાબતને પ્લોટફાળવણી માટેનો એકમાત્ર માપદંડ ન બનાવવામાં આવે. ખાસ કરીને જૂની અરજીઓમાં આ માપદંડના કારણે પાત્ર ઉદ્યોગકારો વંચિત રહેતા હોય તો તેની પુનઃવિચારણા કરવામાં આવે.

જે કંપનીઓએ કર્મચારીઓ/કામદારો માટે રેસીડેન્સીયલ કોલોનીના હેતુથી ૧૦૦૦ ચો.મી.ના પ્લોટ માટે અરજી કરેલ છે. તે અરજીઓને માત્ર એક જ કારણસર રદ ન કરવામાં આવે. તેમની ફરીથી સ્કૂટિની કરવામાં આવે અને જે કંપનીના માલિક/પાર્ટનરને ભૂતકાળમાં એક પણ રેસીડેન્સીયલ પ્લોટ મળેલ નથી. તેવા પાત્ર અરજદારોને તેમની જરૂરિયાત અને ઉપલબ્ધતા મુજબ ઓછામાં ઓછા ૩૦૦ ચો.મી.નો પ્લોટ ફાળવવા અંગે હકારાત્મક વિચારણા કરવામાં આવે.

GIDC દ્વારા કર્મચારીઓને ફાળવવામાં આવેલા રેસીડેન્સીયલ પ્લોટ અંગે પાત્રતા, વાસ્તવિક જરૂરિયાત, રહેઠાણનું સ્થળ, સેવા સ્થળ તથા અગાઉ કોઈ પ્લોટ મળેલ છે કે નહીં વગેરે બાબતોની પારદર્શક રીતે પુનઃચકાસણી કરવામાં આવે. અંકલેશ્વર ખાતે ફરજ બજાવતા/વસવાટ કરતા તથા અંકલેશ્વર-ભરૂચ વિસ્તાર સાથે સીધો સંબંધ ધરાવતા પાત્ર કર્મચારીઓની જરૂરિયાતને યોગ્ય રીતે ધ્યાનમાં રાખીને, બાકી રહેલા પ્લોટમાંથી વર્ષોથી રાહ જોઈ રહેલા સ્થાનિક ઉદ્યોગકારોના હિતને પણ સમાન મહત્વ આપવામાં આવે.

રેસીડેન્સીયલ પ્લોટની ફાળવણીમાં જે ઉદ્યોગકારો અથવા તેમના માલિક/પાર્ટનરોને ભૂતકાળમાં એક પણ પ્લોટ મળેલ નથી, તેમને યોગ્ય પ્રાથમિકતા આપવામાં આવે. એક જ પરિવાર, કંપની અથવા વ્યક્તિને અગાઉ લાભ મળ્યો હોય ત્યારે ફરીથી ફાળવણી કરતાં પ્લોટથી સંપૂર્ણપણે વંચિત પાત્ર ઉદ્યોગકારોને પ્રથમ તક મળે તેવો ન્યાયસંગત અભિગમ અપનાવવામાં આવે.

હાલની ફાળવણીની પ્રક્રિયા પૂર્ણ થયા બાદ પણ જે પ્લોટ ઉપલબ્ધ રહેતા હોય, તેવા પ્લોટ માટે ખાસ કરીને જે કંપની/ઉદ્યોગકારને આજદિન સુધી એક પણ રેસીડેન્સીયલ પ્લોટ મળેલ નથી, તેમના માટે નવી અરજીઓ મંગાવી પારદર્શક પ્રક્રિયા હાથ ધરવામાં આવે.

ઉદ્યોગકારોએ જણાવેલ છે કે રજૂઆતનો હેતુ કોઈ વ્યક્તિ, અધિકારી, કર્મચારી કે અન્ય પાત્ર લાભાર્થીને મળેલ હક છીનવી લેવાનો નથી. પરંતુ વર્ષોથી રાહ જોઈ રહેલા અને આજદિન સુધી એક પણ રેસીડેન્સીયલ પ્લોટથી વંચિત રહેલા પાત્ર ઉદ્યોગકારોને પણ ન્યાય અને સમાન તક મળે તે અમારી મુખ્ય અને ન્યાયસંગત માંગણી છે.

## પ્લોટથી વંચિત કેટલાક ઉદ્યોગકારોએ RTI કરીને GIDC પાસે કર્મચારીઓને આપેલ પ્લોટ વિષે માહિતી માગી

અંકલેશ્વર : અંકલેશ્વર GIDCમાં રેસિડેન્શિયલ પ્લોટની ફાળવણીના મુદ્દે ઉદ્યોગકારોમાં ચાલી રહેલા અસંતોષ વચ્ચે હવે રેસિડેન્શિયલ પ્લોટથી વંચિત રહેલા અંકલેશ્વરના ઉદ્યોગકારોએ GIDC કચેરી ખાતે સામૂહિક રીતે માહિતીનો અધિકાર અધિનિયમ, ૨૦૦૫ હેઠળ RTI અરજી કરી છે.

ઉદ્યોગકારો દ્વારા કરવામાં આવેલી RTIમાં ખાસ કરીને વર્ષ ૨૦૨૬ દરમિયાન GIDC ના કર્મચારીઓને ફાળવવામાં આવેલા રહેણાંક પ્લોટ અંગે વિગતવાર માહિતી અને પ્રમાણિત દસ્તાવેજોની નકલો માંગવામાં આવી છે.

RTIમાં વર્ષ ૨૦૨૬ દરમિયાન GIDC કર્મચારીઓને ફાળવાયેલા તમામ રહેણાંક પ્લોટના પ્લોટ નંબર, ક્ષેત્રફળ અને ફાળવણીની તારીખ સહિતની વિગતો માંગવામાં આવી છે. આ ઉપરાંત પ્લોટ મેળવનારા કર્મચારીઓના નામ, ફાળવણી સમયે તેમનો હોદ્દો અને તેઓ કઈ GIDC કચેરી કે વિભાગમાં ફરજ બજાવતા હતા તેની માહિતી પણ માંગવામાં આવી છે.

સંબંધિત ઉદ્યોગકારોએ કર્મચારીઓ દ્વારા પ્લોટ માટે કરવામાં આવેલી અરજીઓની તારીખ તથા અરજીઓની પ્રમાણિત નકલો પણ માગી છે. સાથે જ કર્મચારીઓને રહેણાંક પ્લોટ ફાળવવા માટે લાગુ પડતી પોલિસી, ઠરાવ, પરિપત્ર, યોજના, નિયમો અને સરકારી માર્ગદર્શિકાઓની પ્રમાણિત નકલો આપવા ઉપરાંત RTIમાં પ્લોટ ફાળવણી માટે નક્કી કરાયેલા પ્રતિ ચોરસ મીટર દર, કુલ પ્લોટ કિંમત તથા ડેવલપમેન્ટ ચાર્જની વિગતો માગવામાં આવી છે.

FOR SALE

1. G.L Reactor 100 Litter to 10,000 Litter (2.) G.L Receiver 100 Litter to 10,000 Litter
3. S.S. Reactor 100 Litter to 25,000 Litter (4) Cooling Tower 30TR to 600 TR
5. PP. Filter press size 24", 36", 48" (6) PP. Membrane Filter press size 48x48"

Mr. M.D Patel (M) 98241 01133 Mr. Sajan Patel (M) 98241 08885
Plot No: A1-5301, Opp. Global Trade Center, Near J.P. Industries, Mega Chowkadi, GIDC, Ankleshwar - 393 002, Dist: Bharuch (Gujarat) INDIA
E-mail: sales@megamachineryindia.com | Web: www.megamachineryindia.com

JESTAR INSTRUMENT ENGINEERS
+91 9426129718
+91 9428588901
- All Flow Measurement Solution: For Liquid, GAS, AIR, SLURRY Etc.
- Level Measurement Solution: For Clear Liquid and With Vapor & Foams
- PH, ORP and TDS (Conductivity) Measurement Gas Detection System
- All Types of INSTRUMENTATION Suppliers and Instrumentation Designing, Consulting & Installtion Work

Authorised Dealers for: PHOENIX CONTACT, BROIL, BROTEK, BELA INSTRUMENTS, YTC, SENSEWELL
starankleshwar@gmail.com | sie_ank@yahoo.com
B/G-5, Sardar Patel Complex, GIDC, Ankleshwar, Gujarat 393002

MEGA MACHINERY
M.D. PATEL +91 98241 01133
Mfg. Of: cGMP Centrifuges
1. Top Discharge Centrifuge
2. Beg Lifting Centrifuge
3. Bottom Discharge Centrifuge
Plot No: A1-5301, Nr. J.P. Industries, Mega Chowkadi, GIDC, Ankleshwar - 393 002
E-mail: sales@megamachineryindia.com | www.megamachineryindia.com

PERFECT SCALE SINCE - 1988
Govt. Approved
PERFECT SCALE
SALES & SERVICE
AN ISO 9001 : 2015 CERTIFIED COMPANY
One Stop Solution for All Types of Electronic Balances & Weighing Automation
12, Bhavesh Shopping Centre, Behind Hotel Royal Palace, Near Railway Station, GIDC, Ankleshwar - 393 002.
Ph. : 02646 253759 • M. : 98241 12531 • Email : sales@perfectscale.in, perfect.scale@yahoo.com • Web : www.perfectscale.in

M :- 098252 75080, 094277 06485
A-ONE CONSULTANTS
EXPLOSIVE CONSULTANTS & SOLVENT CONSULTANTS
Email :- aoneconsultant@yahoo.com Web: www.aoneconsultants.com

Contact For Following Licenses
(1) Methanol Consultant
(2) Ethanol Consultant
(3) Poison Licence
(4) Sulphur Licence
(5) Chlorate Licence
(6) Explosive Licence
(7) PESO Licence
(8) Solvent Consultant
(9) MSME Registration
(10) IEM from Delhi
(11) APP Certificate From Gandhinagar (Annual Production Program from I.C. Office Gandhinagar for Ethanol)

Fire Crackers Manufacturing, Store and Sale with Godawon Approved
We Provide Professional Services to aquiring PESO / Explosive Licence/ MA-1 & MA-2 Licence /Poison Licence/APP From Gandhinagar/ Methanol & Ethanol Licence / Sulphur Licence From Concern Dept.
-: Branch office :-
145, DREAMZ, A Buisness Park, At & Post. Vaillage Amadara, Dahej Bharuch High way, Bharuch (DIST-BHARUCH)
-: Registered office & Administration office :-
ADD.: 220, Panchratna Bldg, Char Rasta, G.I.D.C. VAPI - 396 195 (DIST-VALSAD)
Email: aoneconsultant@yahoo.com. Web: www.aoneconsultants.com. (M) 9825275080, 9427706485

GREENLEAF ENVIROTECH LTD.
93275 65428 | 98751 08709 sales@greenleafenvirotech.in www.greenleafenvirotech.in
Our Environmental Laboratory Accreditation & Recognized by NABL (ISO: 17025), MoEF & CC (EPA 1986) & GPCB SCH-II Environmental Auditors
WHY US?
ESG • SUSTAINABILITY • CLIMATE ACTION SOLUTIONS
- ESG Reporting
- Carbon, Water & Green Credit Advisory
- GHG Accounting & Carbon Footprint Studies
- Sustainability & BRSR Reporting
- Environmental Product Declarations (EPD)
- Environmental Consulting & Due diligence
- Energy & Water Audits

OUR CLIENT
Other Services: Environmental Consulting & Monitoring | Turnkey Wastewater Treatment Solutions | Fire Safety Systems

YATHARTH REFRACTORY LINING WORKS
ALL TYPE OF REFRACTORY WORK & ACID PROOF BRICK/ TILE LINING CONTRACTOR AND SUPPLIER
Supplier: Refractory Fire Bricks/ Blocks/ Tiles, Castable, Mortar, Acid Proof Mortar & Ceramic Blanket Module
Service Provider: Refractory Work, Acid Proof Brick/Tiles Lining Work, Castable work, Insulation Brick Lining, Mastic Work Boiler Refractory Work
Address: Shop No: 22, Dharmnandan Building, Rajpipla Road, Near Santinagar 2, Ankleshwar-393001, Dist: Bharuch (Gujarat).
THERMAX (Vender)
Mr. Sunil Chauhan +91 89057 88945 +91 99259 77497
yatharthrlw@gmail.com | www.yatharthrlw.com

માલિક : જિતેન્દ્રકુમાર બબલભાઈ પટેલ દ્વારા મુદ્રિત, પ્રકાશિત તેમજ સંપાદિત તથા ઈંકપોટ પબ્લિકેશન્સ પ્રાઈવેટ લીમીટેડ, ૫૩૦-૫૩૩, નરસિંહ એસ્ટેટ, લુબી જેલ એલ.એલ.પી. ની સામે , બસ સ્ટેન્ડની નજીક, ગામઃ મંજુસર, તાલુકોઃ સાવલી, જિલ્લોઃ વડોદરા, ગુજરાત -૩૯૧૭૭૫ ખાતે મુદ્રિત કરી ઓમકાર-૨ કોમ્પ્લેક્સ, ટી.એફ.-૬૬, ત્રીજો માળ, લોર્ડ્સ પ્લાઝા હોટેલ નજીક, સ્ટેશન રોડ, જી.આઈ.ડી.સી.,અંકલેશ્વર, જિલ્લો : ભરૂચ , રાજ્ય :ગુજરાત -૩૯૩૦૦૨ ખાતેથી પ્રકાશિત કર્યું.
તંત્રીઃ જિતેન્દ્રકુમાર બબલભાઈ પટેલ / EDITOR: JITENDRAKUMAR BABALBHAI PATEL
PRINTED, PUBLISHED, OWNED & EDITED BY JITENDRAKUMAR BABALBHAI PATEL AND PRINTED AT INKPOT PUBLICATIONS PRIVATE LIMITED, 530-533, NARSINH ESTATE, OPP. LUBI GEL LLP, NEAR BUS STAND,VILLAGE: MANJUSAR, TALUKA: SAVLI, DIST: VADODARA, GUJARAT-391775 AND PUBLISHED AT OMKAR-2 COMPLEX, TF-66, THIRD FLOOR, NEAR LORDS PLAZA HOTEL, STATION ROAD, G.I.D.C, ANKLESHWAR, DIST: BHARUCH, STATE: GUJARAT-393002